તારીખ : 31/07/2026

## રાયડી જળાશયનો એક દરવાજો ખોલાયો

# અમરેલીના ખાંભાના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા



અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના મોટા બારમણ ગામ પાસે આવેલી રાયડી સિંચાઈ યોજનાના જળાશયનો એક દરવાજો 0.075 મીટર (ત્રણ ઈંચ) ખોલવામાં આવ્યો છે. આ નિર્ણય જળાશયમાં નિર્ધારિત સપાટી જાળવવા માટે 31 જુલાઈના રોજ સવારે 11 કલાકે લેવાયો હતો.દરવાજો ખોલવામાં આવતા આશરે 196 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોના લોકોને નદીના પટમાં કે કાંઠાના વિસ્તારોમાં અવરજવર ન કરવા અને જરૂરી સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. આ પાણી છોડવાના કારણે ખાંભા તાલુકાના નાના બારમણ અને મોટા બારમણ, રાજુલા તાલુકાના ચોતરા તેમજ જાફરાબાદ તાલુકાના મીઠાપુર અને નાગેશ્રી ગામોને અસર થવાની સંભાવના છે. આ ગામોના ગ્રામજનોને પણ સાવચેત રહેવા અનુરોધ કરાયો છે.હાલમાં, જળાશયમાં પાણીની આવક અને જાવક બંને 196 ક્યુસેક નોંધાઈ રહી છે.

તારીખ : 31/07/2026

# અમરેલી દરિયાકાંઠે તોફાની દરિયો, ઊંચા મોજા ઉછળ્યા

## જાફરાબાદ સહિત કોસ્ટલ બેલ્ટમાં તંત્ર એલર્ટ, માછીમારોને સાવચેત રહેવા સૂચના



અમરેલી જિલ્લાના દરિયાકાંઠે હાઈટાઈડની સ્થિતિ વચ્ચે દરિયો તોફાની બન્યો છે. જાફરાબાદ બંદર, ધારાબંદર, પીપાવાવ અને શિયાળબેટ સહિતના કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. ઊંચા મોજા ઉછળતા તંત્ર એલર્ટ બન્યું છે.રાજ્યભરમાં વરસાદની આગાહી અને કેટલીક સિસ્ટમ સક્રિય થવાને કારણે દરિયામાં ભારે પવન સાથે વરસાદી માહોલ સર્જાયો છે, જેનાથી દરિયો વધુ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. હાઈટાઈડની સ્થિતિને ધ્યાનમાં રાખીને તમામ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે અને તેમની બોટો હાલ દરિયાકાંઠે સુરક્ષિત રાખવામાં આવી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને પણ સાવચેત રહેવા અને દરિયાની નજીક ન જવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. ભારે પવન અને ઊંચા મોજાને પગલે જાફરાબાદ સહિતના કોસ્ટલ વિસ્તારમાં સતત તકેદારી રાખવામાં આવી રહી છે.

તારીખ : 31/07/2026

# સાવરકુંડલા શહેર-તાલુકામાં વરસાદી માહોલ, એક ઇંચ વરસાદ નોંધાયો



રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા ભારે વરસાદના એલર્ટ વચ્ચે સાવરકુંડલા શહેર અને તાલુકામાં શુક્રવાર, 31 જુલાઈના રોજ દિવસભર વરસાદી માહોલ રહ્યો હતો. સવારથી સમયાંતરે વરસાદ વરસતો રહ્યો હતો અને દિવસ દરમિયાન શહેર તથા તાલુકાના વિવિધ વિસ્તારોમાં અંદાજે એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ દરમિયાન પણ વિસ્તારમાં વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા તેમજ હવામાન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

કે.ડી NEWS

તારીખ : 31/07/2026

# ગુરુવંદના, સંસ્કૃતિ અને શ્રદ્ધાનો પાવન સંગમ સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુરુ પૂર્ણિમા નિમિત્તે સંતોના ચરણોમાં શીશ ઝુકાવ્યું...









સાવરકુંડલા: ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ વિવિધ ગામોમાં આવેલા આશ્રમોની મુલાકાત લઈ સંત-મહાત્માઓનું પૂજન-અર્ચન કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.ધારાસભ્યશ્રીએ સૌપ્રથમ સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે પૂજ્ય પ્રેમદાસબાપુના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા. , બાઢડા ગામે સનાતન આશ્રમમાં પૂજ્ય જ્યોતિ મૈયાના આશીર્વાદ લીધા. ગોદડીયા આશ્રમની મુલાકાત બાદ મોટા ભમોદ્રા ગામે શ્રી સુખરામબાપુના આશ્રમ (રામજી મંદિર) ખાતે પૂજ્ય મધુબાપુના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા.,હિપાવડલી ગામે લટુરિયા હનુમાન આશ્રમ ખાતે પૂજ્ય જસુ બાપુના દર્શન કર્યા. વીરડી પારા વિસ્તારમાં આવેલા મહાકાળી આશ્રમ (નેમીનાથ બાપુના આશ્રમ) ખાતે પૂજ્ય ધનસુખનાથ બાપુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. નાના ઝીઝુડા ગામે પૂજ્ય સીતારામબાપુના દર્શન કર્યા તેમજ સાવરકુંડલા ખાતે શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજીના આશ્રમની મુલાકાત લીધી.આ ઉપરાંત હાથસણી ગામે માનવ મંદિર ખાતે પૂજ્ય ભક્તિરામબાપુના આશીર્વાદ મેળવ્યા અને કાનાતળાવ ગામે પૂજ્ય ઉષા મૈયાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

## સાવરકુંડલા શહેર તેમજ તાલુકાના આદસંગ ,બાઢડા, મોટા ભમોદ્રા,હિપાવડલી, વીરડી, નાના ઝીઝુડા, હાથસણી ,કાનાતળાવ ગામોના સંતોના આશીર્વાદ મેળવ્યા..

તારીખ : 31/07/2026

# સરદાર સર્કલ નું નિર્માણ કરવા જઈ રહ્યા છે એ બદલ શ્રી ખોડલધામ સમિતિ સાવરકુંડલા ના સભ્યો એવા સૌ "સરદાર શ્રદ્ધાળુઓ" દ્વારા સાવરકુંડલા ના કર્મઠ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાનું સરદાર સાહેબનું મોમેન્ટો આપી એમનો સન્માન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો...



"અખંડ ભારતના શિલ્પી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમા ની સ્થાપના થકી, શહેર ની મોટાભાગ ની શૈક્ષણિક સંસ્થાઓ ધરાવતો વિસ્તાર જ્યાંથી કાયમ હજારો વિદ્યાર્થીઓ પસાર થતા હોય છે ત્યારે એ વિદ્યાર્થીઓ,જે દેશ નું ભવિષ્ય છે, એમાં એકતા,સંગઠન અને દેશપ્રેમ ની જ્યોત જાગે એવા આશય થી જે સરદાર સર્કલ નું નિર્માણ કરવા જઈ રહ્યા છે એ બદલ શ્રી ખોડલધામ સમિતિ સાવરકુંડલા ના સભ્યો એવા સૌ "સરદાર શ્રદ્ધાળુઓ" દ્વારા સાવરકુંડલા ના કર્મઠ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાનું સરદાર સાહેબનું મોમેન્ટો આપી એમનો સન્માન કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.આ પ્રસંગે ખોડલધામ કાગવડ ના બંને ટ્રસ્ટી શ્રી દેવચંદભાઈ કપોપરા અને મનીષભાઈ માંગરોળીયા અને સમાજના આગેવાનો બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સાવરકુંડલામાં શુક્રવાર અને શનિવારે મળશે.

## + ડો. નિરજ રાજપુરા

(આયુર્વેદ કન્સલ્ટન્ટ)

* ગેસ, એસીડીટી, બળતરા, પેટનાં રોગો
* ખરજવું, ધાધર, એલર્જી, ચામડીના રોગો
* જુની ઉધરસ, કફ, શ્વાસનાં રોગો
* માઇગ્રેન, સોરીયાસાસ વિગેરે

**જુના જટીલ રોગોની સારવાર**

## સાર્વજનિક દવાખાનુ (કુંડલા વિભાગ)

સાવરકુંડલા. મો. 96873 83009

શુક્રવાર, શનિવાર, સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦

* સાંજે ૪:૩૦ થી ૭:૩૦

કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

# શ્રી મહિલા અધ્યાપન મંદિર, સાવરકુંડલાની શુભેચ્છા મુલાકાતે પહોંચ્યા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા




શ્રી મહિલા અધ્યાપન મંદિર તથા છાત્રાલય, સાવરકુંડલાની શુભેચ્છા મુલાકાતે સાવરકુંડલા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા પધાર્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે છાત્રાલયની વ્યવસ્થા, તાલીમાર્થી બહેનોને મળતી શૈક્ષણિક સુવિધાઓ તથા સંસ્થાના કાર્ય અંગે વિગતવાર માહિતી મેળવી હતી. તાલીમાર્થી બહેનો સાથે આત્મીય સંવાદ સાધી તેમણે શિક્ષક તરીકેના દાયિત્વ, જીવનમાં શિસ્ત, સંસ્કાર, સમર્પણ અને સતત પરિશ્રમના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસનો પાયો છે અને આજની તાલીમાર્થી બહેનો આવતીકાલના ઉજ્જવળ ભારતના ઘડવૈયા બનશે. તેમણે સંસ્થા દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંસ્કારના ક્ષેત્રે કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી તથા ભવિષ્યમાં પણ સંસ્થાના વિકાસ માટે સહયોગની ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શરદભાઈ પંડયા, સંસ્થા ના પ્રમુખ શ્રી, નીલાબેન વાઘાણી, સંચાલક મંડળ તથા શ્રી મુકુંદભાઈ નાગ્રેચા, શ્રી દીપકભાઈ શેઠ, શ્રી વિનુભાઈ રાવલ તથા શ્રી બટુકભાઈ ભડકોલીયા



ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્યશ્રી, સમગ્ર સ્ટાફગણ અને તાલીમાર્થી બહેનોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.ધારાસભ્યશ્રીએ પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય ફાળવી સંસ્થાની મુલાકાત લીધી તે સાવરકુંડલાના શિક્ષણ જગત પ્રત્યેની તેમની આત્મીયતા અને પ્રતિબદ્ધતા દર્શાવે છે.

તેમની મુલાકાતથી તાલીમાર્થી બહેનોમાં નવી પ્રેરણા, આત્મવિશ્વાસ અને ઉત્સાહનો સંચાર થયો હતો.કાર્યક્રમના અંતે સંસ્થા પરિવાર દ્વારા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ, પ્રેરણાદાયી અને યાદગાર વાતાવરણમાં સંપન્ન થયો હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 31/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ૨ માળનું મકાન વેચવાનું છે...

## નીચે ૧ રૂમ, રસોડુ, ફળીયુ, સંડાસ, બાથરૂમ ઉપર ૨ રૂમ, બાથરૂમ જેવી સુવિધાવાળુ મકાન વેચવાનું છે. જેસરરોડ, શ્રધ્ધા સોસાયટી, “માં કૃપા”, સાવરકુંડલા.

## મો. 99091 51355

તારીખ : 31/07/2026

# ભારે વરસાદને પગલે TAT અને GPSCની પરીક્ષાઓ મોકૂફ: નવી તારીખો જાહેર, જૂની હોલટિકિટ રહેશે માન્ય



# રાજ્ય પરીક્ષા બોર્ડ

સરકારી પુસ્તકાલય પાસે, સેક્ટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

ફોન નંબર : (૦૭૯) ૨૩૨૪૮૪૬૧,૨૩૨૪૮૪૬૨ ઈ-મેઈલ એડ્રેસ : gseb21@gmail.com

પરિપત્ર ક્રમાંક:રાપબો/TAT-HS MAINS/૨૦૨૬/૭૮૩૯ તા:૩૧/૦૭/૨૦૨૬

વિષય: "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬" (ગુજરાતી માધ્યમ) ની મુખ્ય પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ : (૧) અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૬/૨૦૪૨-૨૦૮૨, તા.૦૫/૦૨/૨૦૨૬

(૨) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક:રાપબો/TAT-HS MAINS/૨૦૨૬/૭૮૩૮ તા:૧૦/૦૭/૨૦૨૬

પરિપત્ર:

સંદર્ભ (૨) અનુસાર "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) - ૨૦૨૬" (ગુજરાતી માધ્યમ) ની મુખ્ય કસોટીનું આયોજન તા.૦૨/૦૮/૨૦૨૬ નાં રોજ કરવામાં આવેલ હતું. પરંતુ હાલમાં સમગ્ર રાજ્યમાં હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી, પરીક્ષાર્થીઓની રજૂઆત અને સરકારશ્રીના માર્ગદર્શનને ધ્યાને લઈ સદર મુખ્ય પરીક્ષાનું આયોજન હવે તા:૦૮/૦૮/૨૦૨૬ નાં રોજ કરવામાં આવેલ છે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

રાજ્ય પરીક્ષા બોર્ડના સંદર્ભ દર્શિત જાહેરનામાંની અન્ય બાબતો / જોગવાઈઓ યથાવત રહેશે. પરીક્ષા સબંધિત વિગતોથી સતત માહિતગાર થવા માટે WWW.SEBEXAM.ORG વેબસાઇટ જોતા રહેવાનું રહેશે.

નોંધ: "શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) – ૨૦૨૬" (ગુજરાતી માધ્યમ) ની મુખ્ય પરીક્ષા હવે તા:૦૮/૦૮/૨૦૨૬ શનિવારનાં રોજ હોલટીકીટમાં દર્શાવેલ સમય અને પરીક્ષાકેન્દ્ર મુજબ યોજવામાં આવનાર છે. ઉમેદવારોએ ફરીથી હોલટીકીટ ડાઉનલોડ કરવાની રહેશે નહિ.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ :

- માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજ્ય કક્ષાનાં શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, રા.ક. શિક્ષણ મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચત્તર ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

રાજ્યમાં સતત વરસાદી માહોલ અને આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને ઉમેદવારોની સુરક્ષા અને સુવિધાને પ્રાથમિકતા આપતા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે.રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા અગાઉ 2 ઓગસ્ટ, 2026ના રોજ યોજાનારી T A T ( ઉચ્ચતર માધ્યમિક)-2026ની મુખ્ય પરીક્ષા હવે 8 ઓગસ્ટ, 2026ના રોજ યોજાશે. પરીક્ષા માટે અગાઉ ડાઉનલોડ કરાયેલી જૂની હોલટિકિટ જ માન્ય રહેશે, જેથી ઉમેદવારોએ નવી હોલટિકિટ મેળવવાની જરૂર રહેશે નહીં.આ ઉપરાંત, ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા 1 ઓગસ્ટે યોજાનારી તમામ પરીક્ષાઓ પણ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ પરીક્ષાઓ 9 ઓગસ્ટ, 2026ના રોજ યોજાશે.બીજી તરફ, હવામાન વિભાગે રાજ્યમાં આગામી 2 ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરી છે. 31 જુલાઈએ અમદાવાદ સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ સહિત કુલ 14 જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર સહિત 6 જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતના 15 જિલ્લામાં 'યલો એલર્ટ' જાહેર કરી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.વરસાદની ગંભીર આગાહીને પગલે 1 ઓગસ્ટના રોજ સુરત જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો અને આંગણવાડી કેન્દ્રોમાં રજા જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકાર અને સંબંધિત તંત્ર દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા, બિનજરૂરી મુસાફરી ટાળવા અને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૫૧

₹૭૫૦૦ ખરીદી પર એક માલામાલ કુપન 'ફ્રી'

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

# ઓરેન્જ એલર્ટને પગલે અમરેલી જિલ્લામાં પૂર્વ તૈયારી વધુ સઘન, કલેક્ટરે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી



ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. 31 જુલાઈ અને 1 ઓગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ તેમજ તેજ પવનની આગાહી જાહેર કરવામાં આવતા અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા પૂર્વ તૈયારી વધુ સઘન બનાવવામાં આવી છે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનમાં તમામ લાઈન વિભાગોના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.બેઠક દરમિયાન કલેક્ટરે તમામ વિભાગોને પરસ્પર સંકલન સાથે કાર્ય કરવાની સૂચના આપી હતી. કોઈપણ પ્રકારની કુદરતી આફતની સ્થિતિમાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી અસરકારક રીતે હાથ ધરી શકાય તે માટે જરૂરી માનવબળ, મશીનરી, વાહનો તેમજ અન્ય સાધનસામગ્રી સંપૂર્ણપણે તૈયાર રાખવાના નિર્દેશ આપવામાં આવ્યા હતા.ખાસ કરીને દરિયાકાંઠાના તાલુકાઓ અને કોસ્ટલ ગામોમાં વિશેષ સતર્કતા જાળવવા, નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારો પર સતત નજર રાખવા તેમજ જરૂરિયાત ઊભી થાય તો અસરગ્રસ્ત લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવા માટે અગાઉથી આયોજન સુનિશ્ચિત રાખવા સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત તમામ સંબંધિત વિભાગો વચ્ચે સતત સંકલન જળવાઈ રહે તે અંગે પણ ભાર મૂકવામાં આવ્યો હતો.ઓરેન્જ એલર્ટને ધ્યાનમાં રાખીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા પણ જરૂરી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. લાઠી નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં માઈક મારફતે જાહેર સૂચનાઓ આપી નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવા, ભારે વરસાદ દરમિયાન સાવચેતી રાખવા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને વિશેષ તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે.

તારીખ : 31/07/2026

# અમરેલી જિલ્લામાં 1થી 8 ઓગસ્ટ દરમિયાન નારી વંદન સપ્તાહની ઉજવણી

## મહિલા સશક્તિકરણ, સુરક્ષા, સ્વાવલંબન અને આરોગ્ય અંગે વિવિધ થીમ આધારિત કાર્યક્રમો યોજાશે

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના માર્ગદર્શન હેઠળ આગામી 1થી 8 ઓગસ્ટ, 2026 દરમિયાન સમગ્ર રાજ્યની સાથે અમરેલી જિલ્લામાં પણ નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા મહિલા તથા બાળ અધિકારીની કચેરીના સંયુક્ત આયોજન હેઠળ મહિલાઓ અને બાળકીના સર્વાંગી વિકાસ, સુરક્ષા, સ્વાવલંબન અને આરોગ્ય અંગે વ્યાપક જનજાગૃતિ લાવવાના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.નારી વંદન સપ્તાહ દરમિયાન દરરોજ અલગ-અલગ વિષયને કેન્દ્રમાં રાખીને કાર્યક્રમો યોજાશે. જેમાં 1 ઓગસ્ટે મહિલા સુરક્ષા દિવસ, 3 ઓગસ્ટે બેટી બચાવો–બેટી પઢાવો દિવસ, 4 ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, 5 ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, 6 ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, 7 ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ તેમજ 8 ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસ તરીકે વિવિધ થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.સપ્તાહ દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મહિલા અને બાળ વિકાસ સાથે સંકળાયેલા વિભાગોના સહયોગથી જાગૃતિ કાર્યક્રમો, માર્ગદર્શન સત્રો, સંવાદ કાર્યક્રમો, યોજનાઓની માહિતી, આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ તેમજ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતી વિવિધ પહેલો હાથ ધરવામાં આવશે.આ કાર્યક્રમો દ્વારા મહિલાઓ અને બાળકીના અધિકારો અંગે




જનજાગૃતિ ફેલાવવાની સાથે સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને મહિલાઓ સમાજના દરેક ક્ષેત્રમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધે તેવો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો છે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના નાગરિકોને નારી વંદન સપ્તાહ અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમોમાં જોડાઈ મહિલા સશક્તિકરણના આ અભિયાનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.

તારીખ : 31/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Accurate Top In Town

ઉધાર બંધ નહીં... શરૂ છે !!!
છતાં પણ બધે જ ભાવ પુછીને આવો અને ખરીદી અહીંથી કરો...

કારણ કે અમે વેચેલ માલ પર અને ગ્રાહક પર અમોને ભરોસો છે.

* કિંમતના સીધા હપ્તા
* ફાઇલ ચાર્જ નહીં
* પેનલ્ટી નહીં
* ઉત્તમ સર્વિસ
* વિશ્વની તમામ નામાંકિત બ્રાન્ડ

LED, ઘરઘંટી, ફ્રીઝ, વોશીંગ મશીન, એ.સી., હોમથિયેટર, મિકસર, સ્ટવ જેવી તમામ આઇટમ એક જ છત નીચે...

ખાસ એક્ષચેન્જ ઓફર

* જુની ઘરઘંટી રૂા. ૩૦૦૦
* જુનુ મિકસર રૂા. ૭૫૦
* જુની ઈસ્ત્રી રૂા. ૧૫૦
* જુનો સ્ટવ રૂા. ૧૦૦૦
* જુના ટીવી રૂા. ૫૦૦૦ સુધી

એકયુરેટ ઇલેકટ્રોનિકસ મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

# 'રેડ એલર્ટ' વચ્ચે રાજ્યમાં મેઘતાંડવ

## 82 તાલુકામાં વરસાદ, નર્મદામાં માત્ર બે કલાકમાં 4.65 ઈંચ વરસાદ2 ઓગસ્ટ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી; 13 જિલ્લામાં રેડ એલર્ટ, અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત



ગુજરાત રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા 'રેડ એલર્ટ' વચ્ચે અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. આજે સવારે 31 જુલાઈ 2026 શુક્રવાર ના રોજ માત્ર 6:00 થી 8:00 વાગ્યા દરમિયાન જ રાજ્યના 82 તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ નર્મદા જિલ્લાના સાગબારા અને ગરુડેશ્વર તાલુકામાં 4.65 ઈંચ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને જનજીવન પર અસર જોવા મળી હતી.ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ, નર્મદા જિલ્લાના સાગબારામાં 118 મિ.મી. (4.65 ઈંચ) અને ગરુડેશ્વરમાં પણ 4.65 ઈંચ વરસાદ નોંધાયો છે. ઉપરાંત નાંદોદમાં 3.54 ઈંચ અને તિલકવાડામાં 3.15 ઈંચ વરસાદ વરસ્યો હતો.ભારે વરસાદને પગલે સુરત, વડોદરા, ભરૂચ, ખેડા સહિત અનેક જિલ્લાઓમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા, જેના કારણે વાહનવ્યવહાર પર અસર જોવા મળી હતી. કેટલાક વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ હતી.ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર સંપૂર્ણ સતર્ક છે. તકેદારીના ભાગરૂપે અમદાવાદ, વડોદરા, સુરત સહિત કુલ 9 જિલ્લાઓમાં શાળા અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.ભારતીય હવામાન વિભાગે 2 ઓગસ્ટ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

આજે અમદાવાદ તથા દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ સહિત કુલ 13 જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

જ્યારે રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર સહિત 7 જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓમાં 'યલો એલર્ટ' અમલમાં છે.તંત્ર દ્વારા નાગરિકોને અનાવશ્યક મુસાફરી ટાળવા, નદી-નાળાઓ અને જળાશયો નજીક ન જવા તેમજ હવામાન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરવામાં આવી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.કે. NEWS

તારીખ : 31/07/2026

# જિલ્લા કક્ષાની અંડર-19 ભાઈઓની બેઝબોલ સ્પર્ધામાં શ્રી કે.કે. હાઈસ્કૂલની ટીમ બની રનર્સ અપ...



**5 ખેલાડીઓ રાજ્યકક્ષાએ કરશે જિલ્લાનું પ્રતિનિધિત્વ...**

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાની અંડર-19 બેઝબોલ ટીમે જિલ્લાકક્ષાની બેઝબોલ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને રનર્સ-અપ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિના આધારે ટીમ હવે રાજ્યકક્ષાની બેઝબોલ સ્પર્ધામાં શાળાના 5 ખેલાડીઓ મકવાણા દેવાંગ,ગોહિલ અર્જુન,જાદવ વિવેક,પરમાર સ્મીત અને ચોંટાલિયા આયુષ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.ટીમના ખેલાડીઓએ સમગ્ર સ્પર્ધા દરમિયાન શિસ્ત, ટીમભાવના અને રમત પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી શાળા તેમજ સાવરકુંડલાનું ગૌરવ વધાર્યું છે.ટીમને સઘન કોચિંગ શાળાના વ્યાયામ શિક્ષક શ્રી વિપુલભાઈ દવેએ આપ્યું હતું.

રાજય કક્ષાએ રમવા જનાર ખેલાડીઓ અને વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવેને શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયાએ તેમજ નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રીકાબેન ઘેલાણી,ઉ.પ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા મેં.ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા,સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા સમગ્ર શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવી રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ સફળતા પ્રાપ્ત કરવા શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

તારીખ : 31/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

# યુવા સંપર્ક અંતર્ગત સાવરકુંડલા શહેરમાં યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો








ભારતીય જનતા યુવા મોરચા, અમરેલી જિલ્લા દ્વારા આયોજિત "યુવા સંપર્ક" અભિયાન અંતર્ગત સાવરકુંડલા શહેરમાં યુવાનો સાથે વિશેષ યુવા સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રભારી શ્રી હર્ષદેવસિંહ ઝાલા તેમજ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ શ્રી ચેતનભાઈ ધાનાણીની ઉપસ્થિતિમાં યુવાનો સાથે વિસ્તૃત ચર્ચા અને સંવાદ કરવામાં આવ્યો હતો. યુવાનોના વિચારો, સૂચનો અને વિવિધ વિષયો અંગેના મંતવ્યોને જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ તકે સાવરકુંડલા શહેર પ્રમુખ અનિરુદ્ધ સિંહ રાઠોડ ,જિલ્લા યુવા મોરચાના મહામંત્રી શ્રી શિવાંગ ત્રિવેદી, મયુર ભાઈ રબારી, કિશન ત્રિવેદી સહિત શહેર યુવા મોરચાના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન યુવાનોને રાષ્ટ્રહિતના કાર્યો, સામાજિક જવાબદારી અને સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં વધુ સક્રિય ભાગીદારી માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.યુવા સંવાદ દરમિયાન ઉપસ્થિત યુવાનો દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 31/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હવે બનશે આપના

# ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

## દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




### મુખ્ય સુવિધાવો

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડિયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેલ્સ
- વોટસઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગુગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશ્યલ મીડિયા લિંક્સ

### જેમાં આપને મળશે..

- તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
- તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
- ગ્રાહકો સાથે સીધી વાત
- ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
- મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
- ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ
- વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

## વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

100% સુરક્ષિત | ઝડપી & સરળ ઉપયોગ | 24x7 સપોર્ટ | ધંધામાં વધુ પ્રગતિ

કે.ડી. NEWS
તારીખ : 31/07/2026

# જાફરાબાદ બંદરે 8 ઓગસ્ટે ભવ્ય દરિયા પૂજનનું આયોજન

રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણીના અનુસંધાને અમરેલી જિલ્લામાં વિવિધ પૂર્વ તૈયારીના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ કાર્યક્રમોની શ્રેણીમાં આગામી 8 ઓગસ્ટ, 2026ના રોજ સાંજે 4:00 વાગ્યે જાફરાબાદ બંદરની ટી-જેટી ખાતે ભવ્ય દરિયા પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરીના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં દરિયાનું પૂજન કરી સૌના સુખ, સમૃદ્ધિ, સલામતી અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે પ્રાર્થના કરવામાં આવશે. દરિયા સાથે સંકળાયેલા માછીમાર સમાજ અને મત્સ્યોદ્યોગ ક્ષેત્ર માટે આ કાર્યક્રમ વિશેષ મહત્વ ધરાવે છે.કાર્યક્રમના સફળ આયોજનને ધ્યાનમાં રાખી મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા જાફરાબાદ વિસ્તારની વિવિધ બોટ એસોસિએશનોના પ્રતિનિધિઓ સાથે આયોજન બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કાર્યક્રમની રૂપરેખા, વ્યવસ્થાઓ, સુરક્ષા, સહભાગિતા તેમજ જરૂરી સંકલન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ ભવ્ય દરિયા પૂજન કાર્યક્રમમાં માછીમાર સમાજ, વિવિધ બોટ એસોસિએશનોના હોદ્દેદારો, સંબંધિત વિભાગોના અધિકારીઓ તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજકીય સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવશે.

તારીખ : 31/07/2026

# સ્વર સમ્રાટ મોહમ્મદ રફીની આજે પુણ્યતિથિ



આજે ભારતીય ફિલ્મ સંગીતના અમર ગાયક મોહમ્મદ રફીની પુણ્યતિથિ નિમિત્તે દેશભરના સંગીતપ્રેમીઓ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે. પોતાના મધુર, ભાવસભર અને વૈવિધ્યસભર અવાજથી તેમણે હિન્દી ફિલ્મ સંગીતને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડ્યું હતું.24 ડિસેમ્બર, 1924ના રોજ જન્મેલા મોહમ્મદ રફીએ હજારો ગીતો ગાઈને સંગીતજગતમાં અમિટ છાપ છોડી છે. ભજન, ગઝલ, કવ્વાલી, દેશભક્તિ ગીતો અને કરુણ ગીતો સહિત દરેક પ્રકારના ગીતોમાં તેમણે અદભુત લોકપ્રિયતા મેળવી હતી. તેમનો સુરીલો અવાજ આજે પણ કરોડો સંગીતરસિકોના હૃદયમાં જીવંત છે.રફીના અનેક અમર ગીતોમાં "ચૌદહવીં કા ચાંદ હો"અને"બહારોં ફૂલ બરસાઓ" આજે પણ શ્રોતાઓના મનપસંદ ગીતોમાં સ્થાન ધરાવે છે. ઉપરાંત "યે દુનિયા યે મહેફિલ", "ક્યા હુઆ તેરા વાદા" અને "મધુબન મેં રાધિકા નાચે રે" જેવા અનેક ગીતો તેમની ગાયકીની અવિસ્મરણીય ઓળખ બની ગયા છે.31 જુલાઈ, 1980ના રોજ તેઓ આ દુનિયાને અલવિદા કહી ગયા હતા, પરંતુ તેમનો સુમધુર સ્વર આજે પણ સંગીતપ્રેમીઓના દિલોમાં ગુંજી રહ્યો છે. તેમની પુણ્યતિથિએ દેશભરના ચાહકો અને સંગીતપ્રેમીઓ તેમને ભાવપૂર્વક યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે."સ્વર ભલે થંભી ગયો હોય, પરંતુ મોહમ્મદ રફીનો અવાજ સદાય અમર રહેશે."

કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

# શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલમાં પરંપરાગત રીતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી...





જેમાં સૌપ્રથમ માતા સરસ્વતીની વંદના કર્યા બાદ શાળાના આચાર્ય અને સમગ્ર શિક્ષક ગણ દ્વારા માતા સરસ્વતી ને ફૂલહાર અને દીપ પ્રાગટ્ય કરી આરતી વંદના કરવામાં આવી. ત્યારબાદ શાળાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતા દ્વારા ગુરુ વંદનાનુ એક ભજન ની રજૂઆત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા દરેક ગુરુજનોનુ કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.ધોરણ 9 થી 12 ના કુલ 6 વિદ્યાર્થીઓએ ગુરુ અને શિષ્યના સંબંધોનો મહિમા, વિદ્યાર્થી ઉપર ગુરુનો પ્રભાવ વગેરે વિષયો ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું. તો શાળાના શિક્ષક શ્રી કૃણાલભાઈ મહેતા અને સ્મિતાબેન વ્યાસ દ્વારા પણ ગુરુવંદના અને પરંપરા ઉપર મનનીય પ્રવચન આપવામાં આવ્યું છે. સંગીત ટીમ દ્વારા ગુરુ નો મહિમાનું વર્ણન કરતા ગીતો અને ભજનોની રજૂઆત કરવામાં આવી હતી.અંતમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીતુભાઈ ભટ્ટે પ્રસંગોચિત વાત રજૂ કરી હતી. ગુરુ માત્ર જ્ઞાન નથી આપતા પરંતુ શિષ્યના જીવનનો સર્વાંગી વિકાસ કરે છે તેની સમજણ આપવામાં આવી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના માનદ શિક્ષિકા દિપાલીબેન વાળા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી નૂતન કેળવણી મંડળના પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી ઉપપ્રમુખ શ્રી કનુભાઈ ગેડીયા અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મુકુન્દભાઈ નાગ્રેચા તથા સમગ્ર ટ્રસ્ટીગણે રાજીપો વ્યક્ત કર્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

# ધારી તાલુકાના રાજસ્થળી ખાતે હિંગળાજ સંન્યાસ આશ્રમે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

## મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજીના સાનિધ્યમાં ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શિષ્ય સમુદાય ઉપસ્થિત રહ્યા





ધારી તાલુકાના રાજસ્થળી ગીર ખાતે પ્રકૃતિના ખોળે આવેલ સુપ્રસિદ્ધ હિંગળાજ સંન્યાસ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પરમ પૂજ્ય અનંત વિભૂષિત શ્રી શ્રી 1008 મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજી ગુરૂ શ્રીમહંત હરિગીરીજી મહારાજ સંરક્ષક શ્રીપંચ દશનામ જુના અખાડા, મહામંત્રી અખિલ ભારતીય અખાડા પરિષદના પાવન સાનિધ્યમાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે આશ્રમ પરિસરમાં વહેલી સવારે મંગલ પ્રારંભ સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજી શ્રીપંચ દશનામ જુના અખાડાનું પૂજન અર્ચન, અર્ચન, ગુરૂ, પવિત્ર ગુરૂમંત્ર જાપ, ધ્વજારોહણ, મહાઆરતી, શ્રીયંત્ર પૂજન, સત્સંગ તથા ભજન કીર્તનના કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગુરૂ શિષ્ય પરંપરાનું મહિમા વર્ણન અને આધ્યાત્મિક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. ગુરૂપૂર્ણિમા મહોત્સવના અંતે સર્વે ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે આ કાર્યક્રમમાં પૂજ્ય જયઅંબાનંદગીરી માતાજીના શિષ્ય સમુદાય ભાઈઓ બહેનો, સંતો, મહાત્માઓ તથા આસપાસના ગામોમાંથી ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ગુરૂવંદના કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.




બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## વિરાજ મંગળુભાઈ ધાખડા

HAPPY BIRTHDAY

કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY




## ધ્યાની ભાવિન ગોસાઈ
## કાંકચ

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## જીયા પરેશભાઈ રાવલ
## ઉપલેટા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## રાજેશભાઈ પરીખ

## પીઢ પત્રકાર

HAPPY BIRTHDAY



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 31/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva®

3470
31/07/2026
Friday

## आत्मा

"गुरुपौर्णिमा" के बाद साधक अपने साथ प्रत्येक क्षण सुक्ष्म शरिर का सानिध्य महसुस करता है, गुरु की संगत मे ही रहता है।

बाबास्वामी
31/7/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**દીકરો:** પપ્પા, મોંઘવારી એટલે શું?
પપ્પા: બેટા, જે વસ્તુ પહેલાં 100 રૂપિયામાં આવતી હતી,એ હવે 200 રૂપિયામાં આવે અને પગાર એનો એ જ રહે,.....

**મિત્ર:** મોંઘવારી કેટલી વધી ગઈ છે?બીજો મિત્ર: એટલી કે હવે ATM પણ પૈસા આપતા પહેલાં પૂછે છે,"ખરેખર જરૂર છે ને?"...

**પત્ની:** સાંભળો, બજારમાં બધું મોંઘું થઈ ગયું! પતિ: તો પછી શું કરવું?
પત્ની: હવે ઝઘડો પણ ઓછો કરવો પડશે!
પતિ: કેમ?પત્ની: કારણ કે "બોલવાના શબ્દો" પણ મોંઘા પડી રહ્યા છે!

તારીખ : 31/07/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 31 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

## જન્મ

૧૮૮૦ – મુન્શી પ્રેમચંદ, હિન્દી સાહિત્યકાર (અ. ૧૯૩૬)

૧૮૯૩ – ફાતિમા ઝીણા, પાકિસ્તાની દંત ચિકિત્સક, ચરિત્રલેખક, રાજનેત્રી અને મહમદ અલી ઝીણાના નાના બહેન (અ. ૧૯૬૭)

૧૯૦૨ – કે. શંકર પિલ્લાઈ, ભારતીય વ્યંગચિત્ર (કાર્ટૂન) કળાના પિતામહ (અ. ૧૯૮૯)

૧૯૦૭ – ડી. ડી. કૌશામ્બી, ગણિતજ્ઞ, ઈતિહાસકાર તથા રાજનીતિક વિચારક (અ. ૧૯૬૬)

૧૯૨૭ – મધુસૂદન ઢાંકી, ગુજરાતના સ્થાપત્યવિદ અને કળા ઈતિહાસકાર (અ. ૨૦૧૬)

૧૯૪૧ – અમરસિંહ ચૌધરી, ગુજરાતના આઠમા મુખ્યમંત્રી (અ. ૨૦૦૪)

૧૯૪૭ – મુમતાઝ, ભારતીય અભિનેત્રી

૧૯૫૪ – હર્ષ બ્રહ્મભટ્ટ, ગુજરાતી કવિ, ગઝલકાર અને લેખક

## અવસાન

૧૮૦૫ – ધીરન ચિન્નામલઈ, ભારતીય સૈનિક (જ. ૧૭૫૬)

૧૯૪૦ – ઉધમસિંહ, ભારતીય ક્રાંતિકારી (જ. ૧૮૯૯)

૧૯૬૮ – શ્રીપાદ દામોદર સાતવલેકર, લેખક, સૂર્ય નમસ્કાર અને વૈદિક મૂલ્યોના સમર્થક, વેદોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરનાર વિદ્વાન (જ. ૧૮૬૭)

૧૯૮૦ – મોહમ્મદ રફી, ભારતીય પાર્શ્વ ગાયક (જ. ૧૯૨૪)

૧૯૮૧ – અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, ગુજરાતી સાહિત્યકાર (જ. ૧૯૩૫)

તારીખ : 31/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક


## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 31/07/2026

# કે.ડી. NEWS

ના નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 31/07/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

40K

100K

સંપર્ક : મો. 94997 97973